
**ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા માટે પાણીની લાઇનનું ટુંકમાં જોડાણ અપાશે**

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આ જોઈલો મારો ટીનીયો... આનો ફોટો લઇ તમે એના રીઝલ્ટમાં ચોટાડી સહી કરી મને આપો... મારી સાસુ કહે છે કે કાલ ઉઠીને આ સી.એમ. કે પી.એમ. બને તો પ્રમાણ તો આપી શકીએ ને...?!

# સિવિલને હવે કોર્પોરેટ લુક આપવાની કવાયાત

## માળખાકીય સુવિધાઓ જે ખુટે છે તે માટે આજે સુપ્રિટેન્ડેન્ટ અને પી.આઈ.યુ.ના ઈજનેરોએ બે કલાક રાઉન્ડ લીધો અને સમીક્ષા કરી : એક મહિનામાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તંત્રને અપાયેલી ખાત્રી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આધુનિકરણને વેગ આપવાના હેતુસર આજે સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને પી.આઈ.યુ.ના સત્તાવાળાઓ તેમજ આરએમઓ સહિતના અધિકારીઓએ સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લીધો હતો.

બે કલાક સુધી ચાલેલા આ રાઉન્ડમાં પિડિયાટ્રીક વોર્ડમાં વેન્ટીલેશનની સુવિધા, પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થામાં રહેલી ત્રુટીઓ, દિવાલો પર આવતા ભેજ તેમજ પુરતા ફોર્સથી પાણી પુરવઠો નહિ મળતા હોવાની ફરિયાદો તાકીદે દૂર કરવા કડક તાકીદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સ્પેશયલ રૂમ, તેમજ અન્ય વોર્ડોમાં માળખાકીય સુવિધાઓમાં હજુ જે કંઈ ખુટી રહ્યું છે તે સુવિધાઓ ઉપરાંત નર્સિંગ સ્ટાફ માટે અલાયદી બેઠક વ્યવસ્થા, ડેમો રૂમમાં ખુટતી સુવિધાઓ પણ ઉભી કરવા પર સિવિલ સુપ્રિટેન્ડન્ટે ખાસ ભાર મુક્યો હતો.




ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બિલ્ડીંગ નિર્માણનું કાર્ય પૂર્ણ કરી દેવાયુ છે પણ ત્યાં માળખાકીય સુવિધાઓનો હજુ અભાવ જોવા મળી રહ્યો છે. સિફટની વ્યવસ્થા સામે પણ ગંભીર ફરિયાદો રહેવા પામી છે. આવી સ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સેવાઓ વિવાદાસ્પદ બની રહી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોર્પોરેટ લુક આગામી દિવસોમાં આપવા માટેનું આયોજન તૈયાર થઈ ગયુ છે અને તે સંદર્ભે જ હોસ્પિટલની માળખાકીય સુવિધાઓને લઈ આજે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ અને પીઆઈયુના ઉચ્ચ અધિકારીઓનો રાઉન્ડ યોજાયો હતો.

મળતી વિગતો મુજબ આગામી એક માસમાં ખુટતી સુવિધાઓ ઉપલબ્ધ કરી દેવાશે તેવી ખાતરી પીઆઈયુ તરફથી આપવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આવકના દાખલા મેળવનાર અરજદારોની લાઈનો મોટી લાગી રહી છે.

● કલેક્ટર કચેરીમાં જ પાણીના કુલરો બંધ પડ્યા હોવાથી મુલાકાતીઓ અને કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.

● સચિવાલય સંકુલમાં પશુ-પંખીઓને માત્ર ને માત્ર ચણ જ નાખવાની વિનંતી અને તળેલા ખાદ્ય પદાર્થ નહિ નાખવાની સૂચના આપતુ બોર્ડ લટકાવાયુ છે. સંકુલમાં મોર, કબુતર સહિત અન્ય પંખીઓ જોવા મળી રહ્યા છે.

● ચ-રોડ જેવા મહત્વના માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ જોવા મળતાં રાત્રિ વોકીંગ કરનારાઓ ચોંકી ઉઠ્યા હતા.

● ઘ-૦ થી સરગાસણ ચોકડી સુધી જાળી મુકવાનું કામ શરૂ થયું છે.

● આજે જિલ્લાના આરોગ્યતંત્રના અધિકારીઓએ કાયાકલ્પ પ્રોજેક્ટને લઈ ચર્ચાઓ કરી જિલ્લાની આરોગ્ય વિષયક સ્થિતિની સમીક્ષા પણ કરી હતી.

● ગાંધીનગર શહેરમાં અખાદ્ય પદાર્થોનું વેચાણ ધૂમ ચાલી રહ્યાની લોકજીભે ચર્ચાનો મુખ્ય મુદ્દો બની રહ્યો છે.

● ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા "અર્બન ફ્લડ"ને લઈ ખાસ તાલિમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ પદે નિમેષ રાવલની વરણી

## સેક્રેટરી તરીકે પદમસિંહ ચૌહાણ અને ટ્રેઝરર તરીકે રઘુસિંહ ગોલની વરણી



ગાંધીનગર, તા.૧૩

આંતરરાષ્ટ્રીય સેવાકીય સંસ્થા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની ગાંધીનગર ક્લબના વર્ષ ૨૦૧૬-૧૭ ના પ્રમુખ તરીકે નિમેષ રાવલની વરણી કરવામાં આવી છે. વિશ્વના ૨૧૦ દેશોમાં કાર્યરત આ સંસ્થા ૨૦૧૭માં ૧૦૦ માં વર્ષમાં પ્રવેશી રહી છે. આ શતાબ્દી વર્ષ વિશેષ રૂપે ઉજવવામાં આવશે.

ગાંધીનગરની અનેક પ્રતિષ્ઠીત સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી નિમેષ રાવલ જુનીયર ચેમ્બર ઈન્ટરનેશનલના પ્રમુખ રહી ચુક્યા છે. લાયન્સ ક્લબ ગાંધીનગરમાં ઘણા વર્ષોથી સક્રીય નિમેષ રાવલે અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટસ માં ભાગ લીધેલ છે. તેમજ બેસ્ટ સેક્રેટરી એવોર્ડ પણ પ્રાપ્ત કરેલ છે.

વ્યવસાયે વેલ્યુઅર તેમજ બિલ્ડર હોવા ઉપરાંત સફળ મેનેજમેન્ટ ટ્રેનર છે.

લાયન્સ ક્લબ ગાંધીનગરના સેક્રેટરી તરીકે ભાજપ યુવા મોરચાના પ્રમુખ, શ્રી રાજપુત સમાજના સંગઠન મંત્રી તથા જુનીયર ચેમ્બર ઈન્ટરનેશનલના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પદમસિંહ ચૌહાણ તથા ટ્રેઝરર તરીકે અત્યંત કાર્યશીલ-ઉત્સાહી રઘુસિંહ ગોલની વરણી કરાઈ છે.

સર્વે પદાધિકારીઓને પુર્વ ડીસ્ટ્રીક ગવર્નર હરેન્દ્રભાઈ શુક્લ,યોગેન્દ્રભાઈ પટેલ, પ્રમુખ જયંતિભાઈ પ્રજાપતિ, નોમિનેશન કમિટી ચેરમેન જિતેન્દ્રસિંહ સહુએ અભિનંદન પાઠવ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી.

# સે-૭માં જ-૨ કક્ષાનો અન્ય એક બ્લોક તોડી નાંખવામાં આવશે

## બ્લોકની હાલત ભયજનક હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા વિભાગને રીપોર્ટ સુપ્રત કરાયો

ગાંધીનગર તા ૧૩

શહેરમાં નિકાલ હેઠળના મકાનો ખાલી કરાવી તાડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ પણ સેકટરોમાં ભયજનક મકાનોની સંખ્યા વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. સેકટરોમાં સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવતા રહીશોમાં પણ ભય પ્રવર્તયો છે. ત્યારે સર્વેની પ્રકીયાના અંતે ભયજનક બાંધકામ ધરાવતા મકાનો તોડી નાંખવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સે-૭ માં નિકાલ હેઠળના



મોટાભાગના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હાલ સેકટરમાં નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહયુ છે. ત્યારે સેકટરોમાં સરકારી આવાસોની સ્થિતિ ચકાસવા માટે સર્વેની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સેકટરોમાં મકાનોના બાંધકામની યોગ્ય તપાસ કરી ભયજનક માલુમ પડે તો વિભાગ કક્ષાએ બાંધકામ દુર કરવા માટે મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવે છે. થોડા સમય અગાઉ સે-૭ માં ચ કક્ષાના એક બ્લોકને ભયજનક હોવાથી ખાલી કરાવી દેવાયો હતો. જયારે આ બ્લોક તોડવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ ઉપરાંત સેકટરમાં જ ૨ કક્ષાના બ્લોક નં ૧૫૫ને પણ ખાલી કરાવી દેવામાં આવશે. આ બ્લોકમાં ત્રણ પરિવારજનો રહે છે. જયારે પ્રાથમિક દ્રષ્ટીએ આ બ્લોક ભયજનક હોવાનુ માલુમ પડતા તંત્ર દ્વારા વિભાગને રીપોર્ટ કરી દેવાયો છે. ટુંકમાં જ આ બ્લોક પણ તોડી નાંખવામાં આવશે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ સેકટરોમાં ભયજનક મકાનો માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

# ગાંધીનગર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના હોદેદારોની નિમણૂક

## જિલ્લા પ્રમુખ તરીકે હિમાંશુ ભચેચ, મહામંત્રી તરીકે ગણપતસિંહ વાઘેલા અને જિલ્લા મહિલા પ્રમુખ તરીકે નીતાબેન શાહ

ગાંધીનગર, તા. ૧૩

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી જિલ્લા એકમની તાજેતરમાં



મળેલી બેઠકમાં ગાંધીનગર જિલ્લા તથા શહેરના હોદેદારોની વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પ્રમુખ તરીકે ગાંધીનગર શહેરના સામાજિક અગ્રણી તથા જાણીતા પત્રકાર, કલાકાર હિમાંશુ એન ભચેચ તથા જિલ્લા મહામંત્રી તરીકે ગણપતસિંહ વાઘેલા અને કમલેશ બી મહેતાની વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા મહિલા પ્રમુખ તરીકે નીતાબેન પી શાહ, જિલ્લા યુથ પ્રમુખ તરીકે પ્રકાશ બાલાસરા, ગાંધીનગર શહેર પ્રમુખ તરીકે હર્ષિદાબેન પી દવે અને શહેર મંત્રી તરીકે નિલેશ મિસ્ત્રીની વરણી કરવામાં આવી છે.

# સે-૨૧ પોલીસ સ્ટેશન સ્માર્ટ પોલીસ સ્ટેશન બનશે

## પોલીસ સ્ટેશનને કોર્પોરેટ લુક આપવા આર્કીટેકટ દ્વારા ડીઝાઈન તૈયાર કરાશે : ૧૦ લાખની ગ્રાન્ટ મંજુર

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં એ.સી.એસ. હોમ સાથે યોજાયેલી પોલીસ વડાઓ સાથેની કોન્ફરન્સમાં સ્માર્ટ પોલીસ સ્ટેશન વિકસાવવા અંગે નિર્ણય લેવાયો હતો. રાજયના તમામ જિલ્લામાં એક સ્માર્ટ પોલીસ સ્ટેશન વિકસાવવામાં આવશે. જેનો લુક કોર્પોરેટ હશે. તમામ સુવિધાસભર આ પોલીસ સ્ટેશન બનશે. તે અન્વયે ગાંધીનગર જિલ્લામાં સે-૨૧ પોલીસ સ્ટેશનને સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સેકટર-૨૧ પોલીસ સ્ટેશનને કોર્પોરેટ લુક આપવા માટે આર્કીટેકટની નિમણુંક પણ કરી દેવામાં આવી છે. આર્કીટેકટ દ્વારા આ પોલીસ સ્ટેશનની ડિઝાઈન તૈયાર કરવામાં આવશે. અને ગાંધીનગર જિલ્લાનું મોડેલ પોલીસ સ્ટેશન તરીકે સે-૨૧ પોલીસ સ્ટેશનને વિકસાવાશે. સરકારે સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવા માટે રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ પણ ફાળવી દીધી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ સ્ટેશનમાં રેકર્ડ સાચવવા માટે આધુનિક રેક,જપ્ત કરેલા મુદ્દામાલને મુકવા માટે વ્યવસ્થિત સ્થાન, પોલીસ સ્ટેશનમાં આવતા અરજદારોને બેસવા માટે સુવિધાયુકત રીસેપ્શન સેન્ટર, પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા, સારો વ્યવહાર અને સુવ્યવસ્થિત ગાર્ડન, પાર્કીંગ અને ખાસ સ્વચ્છતા આ સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં હશે. સે-૨૧ પોલીસ સ્ટેશનને સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવા માટે આર્કીટેકટ દ્વારા ખાસ કોર્પોરેટ ડીઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે. ગણતરીના મહીનાઓમાં આ પોલીસ સ્ટેશન સ્માર્ટ બની જશે...!

# એસ ટી ડેપોમાં રાત્રિના સમયે મુસાફરો રામભરોસે બસોના રૂટમાં પણ મનસ્વી રીતે કાપ

## રાત્રિના સમયે એસ ટી ડેપોમાં કોઇ જવાબદાર કર્મચારી પણ હાજર ન રહેતા મુસાફરોની મુઝવણ વધી

ગાંધીનગર તા ૧૩

શહેરના એસ ટી ડેપોમાં મોડી સાંજથી મુસાફરો જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ જોવા મળે છે. રાત્રિના સમયે બસ સેવાના રૂટો પણ જાણે મનસ્વી રીતે ગોઠવી બસો દોડાવાતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના એસ ટી ડેપોમાં રાત્રિના ડેપો સ્ટાફનો એક પણ જવાબદાર વ્યકિત હાજર ન રહેતા મુસાફરોએ પણ પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. રાત્રિના સમયે પણ અમદાવાદ તરફ જતા મુસાફરો તેમજ પરિવારજનોની સંખ્યા વિશેષ હોય છે. આવા સંજોગોમાં ડેપો રામભરોસે હોવાનુ ચિત્ર ઉપસી આવતા મુસાફરો રઝળી પડતા હોય તેવી દયનીય સ્થિતિ સર્જાય છે.




શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં રાત્રિના સમયે ગાંધીનગર અમદાવાદ વચ્ચે મુસાફરી કરતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. જયારે રાત્રિના એસ ટી ડેપોમાં અમદાવાદ તરફ જતી બસોની વાટે નિયમિત અપડાઉન કર્તાઓ ઉપરાત પરિવારજનો પણ સામેલ હોય છે. ત્યારે રાત્રિના સમયે ડેપો સંકુલમાં કોઈ જવાબદાર સ્ટાફ હાજર ન હોવાથી મુસાફરોએ બસ માટે કોને પુછતાછ કરવી તે પણ મુંઝવણનો વિષય બની રહે છે. બીજીતરફ રાત્રિના સમયે અમદાવાદ રૂટમાં દોડતી બસોમાં પણ અચાનક જ મનસ્વી રીતે કાપ મુકી દેવાતો હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. રાત્રિના ૯:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન વાયા સાબરમત્તી ગીતામંદિર રૂટની બસો પણ ઘટાડી દેવામાં આવી હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.

# નીટ મામલે રાજ્યોના આરોગ્યમંત્રી સાથે બેઠક કરી સમાધાનના પ્રયાસ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

નીટની એક્ઝામ મામલે રાજ્યના આરોગ્યમંત્રી અને શિક્ષણમંત્રીએ કેન્દ્રના આરોગ્યમંત્રી સમક્ષ રજૂઆત કરતાં કેન્દ્ર સરકારે યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયાસ કરવા હૈયાધારણા આપી છે. સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મેડીકલમાં પ્રવેશ માટે નીટની એક્ઝામ ફરીજયાત કરવામાં આવતા ગુજરાતના વિદ્યાર્થીઓને મુશ્કેલી ઉભી થવા પામી છે.

નીટ મામલે આજે ગુજરાતના આરોગ્યમંત્રી નિતીનભાઇ પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આજે દિલ્હી ગયા હતા અને કેન્દ્રના આરોગ્યમંત્રી નડ્ડાને મળ્યા હતા તેમજ ભાજપા પ્રમુખ અમીત શાહને મળીને રજૂઆત કરી હતી.

આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે નિટના મામલે કેન્દ્રના આરોગ્યમંત્રીને સમાધાન કાઢવા વિનંતી કરી છે. આરોગ્યમંત્રી નડ્ડાએ આશ્વાસન આપ્યું છે કે તા. ૧૬ મે એ બધા રાજ્યોના આરોગ્યમંત્રી સાથે બેઠક કરી સમાધાનનો પ્રયાસ કરીશુ.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચીંગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ શિક્ષા ટ્રસ્ટ દ્વારા સમાજના પ્રતિભાશીલ યુવક યુવતીઓને સિવિલ સર્વીસ બેન્કીંગથી લઈને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થવા માટે યોગ્ય પ્રશિક્ષણ મળી રહે તે માટે ગાંધીનગર નજીક શાંતિનિકેતન હોસ્ટેલ ખાતે ૬૨ દિવસની એક તાલીમ-માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

દેશભરની જુદી જુદી સરકારી સેવાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના યુવક-યુવતી સફળ થાય અને જ્ઞાતિનું નામ રોશન કરે તેવા ઉદેશ સાથે યોજાયેલા આ કોચીંગ કેમ્પ માટે અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ શિક્ષા ટ્રસ્ટ દ્વારા ભારતભરના શ્રીમાળી બ્રાહ્મણ સમાજના યુવાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી અને આ કોચીંગ કેમ્પમાં પ્રવેશ માટે ખાસ પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા ૧૨૫ યુવક-યુવતીઓને પસંદ કરીને ગાંધીનગર નજીક શાંતિનિકેતન હોસ્ટેલ ખાતે દેશભરમાંથી આવેલા તજજ્ઞો દ્વારા વિશેષ કોચીંગ આપવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ્ઞાતિરત્નોની ઉપસ્થિતિમાં અને સત્યનારાયણ બ્હોરાના અધ્યક્ષપદે આ કોચીંગ કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ તા. ૧૦ જુલાઈ, ૨૦૧૬ સુધી ચાલશે. દેશભરના શ્રીમાળી બ્રાહ્મણ યુવાઓ માટે નિઃશુલ્ક એવો આ કોચીંગ કેમ્પ ભારતભરમાં પ્રથમ છે તેમ મહામંત્રી કમલેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ઉપરાંત યોગ, સામાન્ય જ્ઞાન, વ્યક્તિત્વ નિર્માણ ઉપરાંત ઈન્ટરવ્યુ આપવાની કળા જેવા વિષયો ઉપર પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ કોચીંગ કેમ્પની સફળતા માટે ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ શાસ્ત્રી, અમદાવાદના મુકેશભાઈ ઓઝા, અનિલભાઈ ઓઝા, ગાંધીનગર શ્રીમાળી બ્રાહ્મણ સમાજના પ્રમુખ વિપિનભાઈ ઓઝા, મંત્રી પરેશભાઈ ત્રિવેદી, ડૉ. કુશલભાઈ ઓઝા સહિતના જ્ઞાતિ અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

